૧૮: વિવેક



(ઇષ્ટક + આદિ + અપિ)   (યથા + ઈક્ષતે)

ઈષ્ટકાદ્યપિ હિ સ્વર્ણં, પીતોન્મત્તો યથેક્ષતે
આત્માऽભેદભ્રમસ્તદ્વદ્ દેહાદાવવિવેકિનઃ

(આત્મ + અભેદ + ભ્રમ + તદ્વત)   (દેહાદૌ + અવિવેકિનઃ)

શબ્દાર્થ: ઈષ્ટક = ઈંટ, આદિ = વગેરે, અપિ = પણ, હિ = વળી, સ્વર્ણં = સોનું, પીતોન્મત્ત = (ધતૂરો વગેરે) પીવાથી ઉન્મત્ત, યથા = જેમ, ઈક્ષતે = જુએ છે, આત્માऽભેદભ્રમઃ = આત્માના અભેદનો ભ્રમ, તદ્વત્ = તેની જેમ, દેહાદૌ = શરીર વગેરેમાં, અવિવેકિનઃ = વિવેકરહિત;

શ્લોકાર્થ: જેમ, જેણે ધતૂરો પીધો છે એવો (મનુષ્ય) ઈંટ વગેરેને પણ સુવર્ણરૂપે જુએ છે, તેની જેમ વિવેકરહિત માણસને દેહ વગેરેમાં આત્મા સાથે અભેદનો ભ્રમ થાય છે.

ભાવાર્થ: કોઈ મનુષ્ય ધતૂરાના રસનું પાન કરે તો એને નશો ચઢે છે અને બધું સોનેરી દેખાય છે. લાલ ઈંટને જોઈને પણ સુવર્ણ જ છે એમ ભ્રમબુદ્ધિ કરે છે. તે રીતે અવિવેકી જીવો મોહના ઉદયના કારણે પરદ્રવ્યમાં પણ મારાપણાનો ભ્રમ કરે છે. તેથી જ પરદ્રવ્યને પોતાનું દ્રવ્ય માની લે છે.

જડ-પુદ્ગલના ગુણધર્મોથી આત્માનું સ્વરૂપ ભિન્ન છે એમ વિવેક કરવાની જરૂર છે. પુદ્ગલ રૂપી છે જ્યારે આત્મા અરૂપી છે. વ્યવહાર નય ભલે શરીરની સાથે આત્માનું એકત્વ સ્વીકારે પરંતુ નિશ્ચયનય આત્માની શરીર સાથેની એકતા માનતો નથી.

જેવી રીતે ઉષ્ણ અગ્નિના સંબંધથી "ઘી ઉષ્ણ છે" એવો ભ્રમ થાય છે, તેવી રીતે મૂર્ત શરીરના સંયોગથી - "આત્મા મૂર્ત છે" એવો ભ્રમ થાય છે.

રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ અને આકૃતિ જડના ધર્મો છે તે આત્માના ધર્મો નથી. તો પછી શરીર જે પુદ્ગલનું બનેલું છે તેમાં આત્મા છે તે કેવી રીતે માની શકાય?

મોહદશા આવી છે. ભ્રમ કરાવનાર છે. આત્મતત્ત્વને ભુલાવનાર છે. પરની (શરીરાદિની) જ ક્રિયામાં સમય પસાર કરાવે છે. માટે અવિવેકવાળી બુદ્ધિનો ત્યાગ કરી (છોડીને) વિવેકવાળા બનવું જોઈએ.

૧૪: વિવેક　　　　　　　　　　　　શ્લોક: ૬

(પતતિ + અધઃ)

ઇચ્છન્ ન પરમાન્ ભાવાન્ વિવેકાદ્રેઃ પતત્યધઃ
પરમં ભાવમન્વિચ્છન્ નાવિવેકે નિમજ્જતિ
(ભાવમ્ + અન્વિચ્છન્)　(ન + અવિવેકે)

શબ્દાર્થ: ઇચ્છન્ = ઇચ્છતો, ન = નહિ, પરમાન્ ભાવાન્ = પરમ ભાવોને, વિવેકાદ્રેઃ = વિવેકરૂપી પર્વત ઉપરથી, પતતિ = પડે છે, અધઃ = નીચે; પરમં ભાવમ્ = પરમ ભાવને, અન્વિચ્છન્ = શોધતો; ન = નહિ; અવિવેકે = અવિવેકમાં, નિમજ્જતિ = નિમગ્ન થાય છે, ડૂબી જાય છે.

શ્લોકાર્થ: પરમ ભાવોને નહિ ઇચ્છતો જીવ વિવેકરૂપી પર્વત ઉપરથી નીચે પડે છે. પરમ ભાવને શોધતો અવિવેકમાં નિમગ્ન થતો નથી. (ડૂબતો નથી)

ભાવાર્થ: વિવેક ને અહીં પર્વતની ઉપમા આપી છે, અને અવિવેકને પર્વતની તળેટી અથવા ઊંડી ખાઈ (ખીણ) ની ઉપમા આપી છે.
આ વિવેક આધ્યાત્મિક ક્ષેત્રનો લોકોત્તર વિવેક છે. અવિવેક પણ એ જ ક્ષેત્રનો છે. કોઈ પર્વત ઉપર આરોહણ કરનાર અત્યંત સાવધાની પૂર્વક ચડી શકે છે અને શિખર સુધી પહોંચી જાય છે. કોઈક પર્વત પર આરોહણ કરનાર પર્વત ઉપર ચઢવા જાય છે પરંતુ પ્રમાદને વશ થઈ જાય છે, પગલું ચૂકે છે અને ગબડતો ગબડતો ખીણમાં પટકાય છે.

વિવેક એ ગિરિરાજનું શિખર છે. અપ્રમત્ત ભાવે રહી સાધના કરતાં તેને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે પરંતુ વિશુદ્ધ આત્મભાવ છે એટલે સિદ્ધિ પ્રત્યે આસક્તિ કરતો નથી.
પૂ. ઉમાસ્વાતિજી પ્રશમરતિ ગ્રંથમાં લખે છે કે
"અન્ય જીવોને દુર્લભ એવી ઋદ્ધિ-લબ્ધિની વિભૂતિને પામીને સાતાગારવ, ઋદ્ધિગારવ અને રસગારવ રહિત મુનિ તે ઋદ્ધિના સુખમાં આસક્ત ન થતા પ્રશમરતિના સુખમાં મગ્ન થાય છે."

પ્રશમરતિના બીજા એક શ્લોકમાં લખ્યું છે:—
"સર્વ દેવોની વિસ્મયપમાડે એવી સમૃદ્ધિને લાખવાર કરોડગુણી કરવામાં આવે તો પણ સાધુની આધ્યાત્મિક સંપત્તિના હજારમા ભાગ જેટલી થતી નથી."

પર્વતારોહકની કસોટી કરનાર રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ એ ત્રણ ગારવ છે. ગારવ એટલે આસક્તિ. આ ત્રણમાં (રસ, ઋદ્ધિ અને શાતા) ફૂલવું નહીં. આરોહકે અપ્રમત્તપણે નજર સીધી અને ઊંચી રાખવાની છે. જો આસપાસના ત્રણ ગારવરૂપી મનોહર દૃશ્યો જોવામાં મન લોભાઈ ગયું તો પ્રમાદને કારણે પગથિયું ચૂકી જાય છે અને નીચે પડે છે.

જીવની ઉપરના ગુણસ્થાનકે કસોટી કરનાર તત્ત્વ તો આ ગારવ છે. ગારવ એટલે લોભ અથવા આસક્તિ. આત્મા જ્યારે ઊર્ધ્વગમન કરતો જાય છે ત્યારે એની વિશુદ્ધિના પરિણામે લબ્ધિ પ્રગટ થાય છે. આ લબ્ધિ (સિદ્ધિ) અપ્સરાઓ જેવી મોહક હોય છે. જરાક નજર ગઈ તો ત્યાંથી નજર પાછી ખસેડવાનું દુષ્કર (ઘણું મુશ્કેલ) છે. આવી લબ્ધિ-સિદ્ધિ જ મોટા મહાત્માઓને નીચે પાડે છે.

એટલે જ કહ્યું કે જો પરમ ભાવને પકડ્યો તો ઉત્તરોત્તર આત્માની શુદ્ધિ કરતો પર્વત પર (ગુણસ્થાનકો પર) આરોહણ કરે છે અને કર્મના બંધનથી મુક્ત થાય છે.

જો સાધક પરમ ભાવને પકડતો નથી તો સ્વર્ણરૂપી પર્વતના શિખર ઉપરથી પ્રમાદને લીધે નીચે પડે છે.

(આત્મનિ + એવ + આત્મનઃ)

આત્મન્યેવાત્મનઃ કુર્યાત્ યઃ ષટ્કારકસંગતિમ્
ક્વાવિવેકજ્વરસ્યાસ્ય વૈષમ્યં જડમજ્જનાત્
(ક્વ + અવિવેક + જ્વરસ્યાસ્ય)

શબ્દાર્થ: આત્મનિ = આત્મામાં, એવ = જ, આત્મનઃ = આત્માના, કુર્યાત્ = કરે, યઃ = જે, ષટ્કારક = છ કારક, સંગતિમ્ = સંબંધ, ક્વ = ક્યાંથી હોય, અવિવેકજ્વરસ્ય = અવિવેકરૂપી જ્વર (તાવ)નું, વૈષમ્યં = વિષમપણું, જડમજ્જનાત્ = જડમાં (પુદ્‌ગલમાં) નિમગ્ન (મગ્ન) થવાથી.

શ્લોકાર્થ: જે આત્મામાં જ આત્મા છ કારકનો સંબંધ કરે એને જડ-પુદ્‌ગલમાં મગ્ન થવાથી અવિવેકરૂપ જ્વરનું વિષમપણું ક્યાંથી હોય ?

ભાવાર્થ: અનાદિ કાળથી જગતના જીવોને પુદ્‌ગલનો સંગ લાગેલો છે. દેહમાં આત્મા અને પુદ્‌ગલ નીરક્ષીરની જેમ પ્રદેશે પ્રદેશે રહેલા છે. એટલે પોતે દેહસ્વરૂપ છે એવો ભ્રમ સેવાય છે. જ્ઞાની મહાત્માઓ દેહ અને આત્માને પોતાની વિવેક દૃષ્ટિથી ભિન્ન અનુભવે છે.

જ્યાં સુધી વિવેક નથી હોતો એટલે કે અવિવેકરૂપી જ્વર (તાવ) હોય છે ત્યાં સુધી બધું વિપરીત ભાસે છે. જીવની બધી ક્રિયાઓમાં પુદ્‌ગલ જ સામે ભટકાય છે. પરન્તુ જીવની આ ભ્રાન્તિ છે. એક વખત જ્ઞાનદશા જાગે છે, આધ્યાત્મિક વિવેક પ્રગટે છે પછી એવા જ્ઞાની મહાત્માઓને બધે આત્માનો જ અનુભવ થાય છે. દરેક ક્રિયામાં, સાધનામાં, પરિણામમાં એમને આત્મા જ દેખાય છે.

કોઈ સ્ત્રીના પ્રેમમાં પડેલો પુરુષ જ્યાં જુએ ત્યાં તેને પ્રિયતમાની જ આકૃતિ દેખાય છે. તેવી રીતે રાત-દિવસ આત્મામય બની ગયેલા મહાત્માઓને દરેક વાત આત્માનાં જ દર્શન થાય છે. આત્મસ્વરૂપમાં રમણતાનો (મગ્નતાનો) એમનો અનુભવ એવી ઊંચી કોટિનો હોય છે કે પુદ્‌ગલની વાત એમને ગમતી નથી. એનો અર્થ એ નથી કે પુદ્‌ગલ પ્રત્યે દ્વેષ છે.

પરંતુ આત્માનો જ્યારે તેઓ વિચાર કરે છે ત્યારે પુદ્ગલથી ભિન્ન આત્મસ્વરૂપનું જ તેમને દર્શન થયા કરે છે.

જિનભદ્રગણી ક્ષમાશ્રમણે "વિશેષાવશ્યક ભાષ્ય" ગ્રંથમાં આત્માના છ કારક (વિભક્તિ) (કારકો) નીચે પ્રમાણે બતાવ્યા છે.

(૧) કર્તા (૨) કર્મ (૩) કરણ (૪) સંપ્રદાન (૫) અપાદાન અને (૬) અધિકરણ. (આધાર)

દરેકની સંક્ષિપ્તમાં વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

(૧) <u>કર્તા</u>: આત્મા સ્વયં જ્ઞાતા છે એટલે તે કર્તા છે. આત્મા પોતે સ્વગુણના પરિણમનરૂપ જાણવાની (જ્ઞપ્તિ) ક્રિયા કરે છે માટે આત્મા પોતે કર્તા છે.

(૨) <u>કર્મ</u>: જ્ઞાનાદિ અનંતગુણોમાં નિરંતર પ્રવૃત્તિ કરવી એ જ આત્માનું કાર્ય (કર્મ) છે.

(૩) <u>કરણ</u>: કાર્યને સાધવામાં અત્યંત ઉપકારક સાધન તે કરણ છે. તેના બે ભેદ- ઉપાદાન અને નિમિત્ત. જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણો એ ઉપાદાન કારણ છે. અને તે ગુણોને પ્રગટાવવામાં વીતરાગ પ્રભુનું વચન, સદ્ગુરુ આદિ નિમિત્ત સાધન છે.

(૪) <u>સંપ્રદાન</u>: નવા નવા ઉત્પન્ન થતાં ગુણો અને પર્યાયોનું આત્મા જ પાત્ર છે. આત્માને જાણવાની ક્રિયા આત્માને માટે જ કરવાની છે. અર્થાત્ નવા નવા પ્રગટ થતાં ગુણ-પર્યાયો આત્માને જ અપાય છે, તેથી આત્મા સંપ્રદાનકારક થયો.

(૫) <u>અપાદાન</u>: પ્રતિસમયે નાશ પામતા પર્યાયોનો આત્મામાં જ વિયોગ થતો હોવાથી આત્મા જ અપાદાનકારક થયો. એટલે કે જુના પર્યાયથી આત્મા છૂટો પડ્યો.

(૬) <u>અધિકરણ</u>: આત્મા અનંત ગુણપર્યાયોનો આધાર હોવાથી આત્મા અધિકરણ છે, ગુણોની પ્રવૃત્તિનો આધાર ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી રૂપ આત્મા જ છે. આત્મામાં ગુણોનું સામ્રાજ્ય પડેલું છે.

આ છ કારકને એક જ વાક્યમાં ગોઠવવા હોય તો આ પ્રમાણે ગોઠવી શકાય.

આત્મા (કર્તા), આત્માને (કર્મ), આત્મા વડે (કરણ), આત્મા માટે (સંપ્રદાન), આત્માથી (અપાદાન), આત્મામાં જ (અધિકરણ) જાણે છે.

આમ આત્મભાવમાં રહેવાથી, આત્માનું સ્વરૂપ આત્મામાંથી જ પ્રગટ થાય.

(શાણેન + ઉત્તેજિતં)

સંયમાસ્ત્રં વિવેકેન શાણેનોત્તેજિતં મુનેઃ
ધૃતિધારોલ્બણં કર્મશત્રુચ્છેદક્ષમં ભવેત્

વિવેકેન =

**શબ્દાર્થ:** સંયમાસ્ત્રં = સંયમરૂપ શસ્ત્ર, વિવેકરૂપી શાણેન = સરાણ વડે, ઉત્તેજિતં = ઉત્તેજિત (અત્યંત તીક્ષ્ણ) કરેલું, મુનેઃ = મુનિનું, ધૃતિધારોલ્બણં = સંતોષરૂપી ધાર વડે ઉગ્ર, કર્મશત્રુચ્છેદક્ષમં = કર્મરૂપી શત્રુનું છેદન કરવામાં સમર્થ, ભવેત્ = થાય.

**શ્લોકાર્થ:** વિવેકરૂપી સરાણ વડે અત્યંત તીક્ષ્ણ કરેલું, સંતોષરૂપી ધાર વડે ઉગ્ર એવું મુનિનું સંયમરૂપી શસ્ત્ર, કર્મરૂપી શત્રુનું છેદન કરવામાં સમર્થ થાય.

**ભાવાર્થ:** કર્મનો સર્વથા ક્ષય કરવા માટે સરસ રૂપક બતાવ્યું છે. કર્મક્ષય માટે ત્રણ ચીજ હોવી જરૂરી છે.
(૧) સંયમ (૨) સંતોષ અને (૩) વિવેક
અહીં સંયમ ને શસ્ત્ર ની ઉપમા આપી છે.
સંતોષ ને ધાર ની ઉપમા આપી છે અને
વિવેક ને સરાણ ની ઉપમા આપી છે.
દરેક શબ્દ ને સમજવા પ્રયત્ન કરીએ.

**સંયમ:** વ્યવહાર નયથી પરપદાર્થોનો ત્યાગ કરવો એટલે કે પ્રવ્રજ્યા (દીક્ષા) લેવી તે સંયમ
નિશ્ચયનયથી પરપદાર્થોનો ત્યાગ કરવા કરતા, પરપદાર્થો પ્રત્યેની મમતા - મારાપણાનો ત્યાગ કરવો તે સંયમ.
આ સંયમ એ શસ્ત્રનું કામ કરે છે તેથી તેને શસ્ત્રની ઉપમા આપી.

**સંતોષ:** શસ્ત્ર પણ ધાર વડે તીક્ષ્ણ થયેલું હોય તો જ છેદવાનું કામ કરી શકે છે. કારણ, સંતોષ, સમતાભાવ એ ધાર સમજવી. સંતોષરૂપી (ધારરૂપી) ધાર વડે તીક્ષ્ણ બનેલું સંયમરૂપી શસ્ત્ર સહેલાઈથી કર્મશત્રુઓને ખતમ કરી શકવા સમર્થ બને છે.

હવે વિવેક શું કામ કરે છે તે જોઈએ.

વિવેક: શસ્ત્રની તીક્ષ્ણ ધાર કરવા માટે ખાસ પ્રકારનો પત્થર આવે છે તેને સરાણ કહેવામાં આવે છે. બુઠ્ઠા થઈ ગયેલા ચપ્પુ, છરી, કાતર વગેરે શસ્ત્રની ધાર કાઢવા માટે સરાણનો ઉપયોગ થાય છે.

અહીં વિવેકબુદ્ધિ એટલે કે સ્વતત્ત્વ શું અને પરતત્ત્વ શું? એવા પ્રકારની ભેદબુદ્ધિને વિવેક કહેવાય. તેને શરાણની ઉપમા આપી છે. જેમ શરાણ ઉપર ઘસાયેલું શસ્ત્ર ધારદાર થાય છે તેમ વિવેકપૂર્વકનું સંયમ કર્મો છેદવામાં શસ્ત્રનું કામ કરે છે.

શંકા: સંયમી આત્મા કર્મનો ક્ષય કેવી રીતે કરે છે?

સમાધાન: પાંચ પ્રકારના સ્વાધ્યાય દ્વારા જ્ઞાનાવરણીય કર્મરૂપી શત્રુનો નાશ કરે છે.

ચૈત્યવંદન, વંદણા વગેરે દ્વારા દર્શનાવરણીય કર્મનો છેદ કરે છે.

સતત બધા જીવોને શાતા આપવા દ્વારા અશાતાવેદનીય કર્મનો છેદ કરે છે.

સતત પરમાત્માની આજ્ઞાને નજર સામે રાખતા હોવાના કારણે મિથ્યાત્વ મોહનીય કર્મનો છેદ કરે છે.

જાગૃતિ એટલી બધી છે કે ક્રોધાદિ કષાયોને પણ ઉત્પન્ન થવા દેતા નથી, એટલે ચારિત્રમોહનીય કર્મ છેદે છે.

કોઈ ગોરો આવ્યો કે કોઈ કાળો આવ્યો એવા કોઈ ભેદભાવ નથી કરતા એટલે નામકર્મનો છેદ કરે છે.

કોઈ ઊંચા કુળવાળો આવ્યો કે કોઈ નીચા કુળવાળો આવ્યો. તેને માટે બધા સરખા છે એટલે ગોત્રકર્મ છેદે છે.

બધાને એકસરખી રીતે ધર્મ સમજાવે છે એટલે તેમના અંતરાયકર્મ છેદાય છે. અભયદાન, જ્ઞાનદાન વગેરેથી દાનાંતરાય કર્મ તૂટે છે.

અભયદાન કરતા પણ જ્ઞાનદાન શ્રેષ્ઠ છે.

નવ પ્રકારના પુણ્ય અમુક સમય સુધી સારા પણ જ્ઞાનદાન ભવાંતરમાં પણ ઉપકાર કરે છે. તેથી તો કહેવાય છે કે "પઢમં નાણં તઓ દયા".

સાર એ છે કે માત્ર વાણીમાં જ ભેદજ્ઞાન રાખવાનું નથી. સ્વાધ્યાય અને ચિંતન દ્વારા તેને આત્મસાત કરવાનું છે. સંયમના શસ્ત્રની સંતોષરૂપી ધારને વિવેકરૂપી શરાણ પર તીક્ષ્ણ કરી કર્મશત્રુઓ પર તૂટી પડો.